# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત ચાલી રહેલ બાંધકામ અનુસંધાને ઉત્તર દક્ષિણ કોરીડોર APMC થી મોટેરા સુધીનો છે. જેમાં રાણિપ મેટ્રો સ્ટેશનનું કામ રાણીપ BRTS બસ સ્ટેન્ડ પાસે થનાર છે અને તેમાં BRTS ની રેલીંગ ૨૦ M પુર્વ સાઈડ રાણીપ બસ સ્ટેન્ડ પાસે ખસેડી ત્યાં મેટ્રો સ્ટેશનનું કામ શરુ થનાર છે અને આ કામગીરી ૧-વર્ષ સુધી ચાલનાર છે.

સદરહું ડાયવર્ઝનમાં બી.આર.ટી.એસ. કોરીડોર બંધ થનાર છે અને બી.આર.ટી.એસ. કોરીડોરમાં ચાલતી બસો મુખ્ય ટ્રાફિકમાં ડાયવર્ટ થઇ અવર-જવર કરનાર છે.

રાણિપ GSRTC બસ સ્ટેન્ડની સામે રાણિપ મેટ્રો સ્ટેશનનું ઉપર્યુક્ત રીતે ચાલનાર બાંધકામ અને વાહન વ્યવહાર અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૨૨/૧૨/૨૦૧૭.

22/12/17

( નિરજા ગોટરુ )
સંયુક્ત પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ શહેર

# –: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત રાણીપ સ્ટેશનથી મોટેરા ચાર રસ્તા સુધી ઉત્તર દક્ષિણ દિશામાં કામગીરી થનાર છે અને આ કામમાં પીલ્લર નં. P 480 થી P 488 A નું બાંધકામ જનપથ હોટલ ત્રણ રસ્તા સાબરમતી થી અચેર ચાર રસ્તાની વચ્ચે થનાર છે અને આ કામગીરી ૫ થી ૬– માસ સુધી ચાલનાર છે.

સદરહું ટ્રાફિક ડાયવર્ઝનમાં બી.આર.ટી.એસ. કોરીડોર તોડી બી.આર.ટી.એસ. કોરીડોરમાંથી રેગ્યુલર ટ્રાફિક અને BRTS ની બસો અવર–જવર કરનાર છે.

જનપથ હોટલ ત્રણ રસ્તા થી અચેર ચાર રસ્તાની વચ્ચે ઉપર્યુક્ત રીતે ચાલનાર બાંધકામ અને વાહન વ્યવહાર અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા. ૨૨/૧૨/૨૦૧૭.

22/12/17

( નિરજા ગોટરુ )
સંયુક્ત પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ શહેર

# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત વિશાલા ચાર રસ્તાથી આગળ ગ્યાસપુર તરફના રોડ ઉપર મેટ્રો રેલ માટે ઇલેક્ટ્રીક પોલ નં. VHI 54294 થી VHI 54296 નંબરના પોલની વચ્ચે આવેલ VHI 54295 પાસે અંદાજે ૧૫-મીટર જેટલી રોડની લંબાઇમાં અને રોડની બન્ને તરફ ૦૩ મીટર પહોળાઇમાં બેરીકેટીંગ કરી નવો પીલર રોડ ડીવાઇડર પર બનાવવામાં આવનાર છે અને બાકીનો રોડ વાહન વ્યવહાર સારુ ખુલ્લો રહેનાર છે. આ કામગીરી તા.૨૦/૦૩/૨૦૧૮ સુધી ચાલનાર છે.

સદર જગ્યાએ નવો બનનાર પીલર ૦૬-મીટર જેટલા જ ભાગના રોડમાં બનનાર છે તથા બીજો રસ્તો વાહન વ્યવહાર માટે ખુલ્લો રહેનાર છે.

વિશાલા ચાર રસ્તાથી આગળ ગ્યાસપુર તરફના રોડ ઉપર મેટ્રો રેલ માટે ઇલેક્ટ્રીક પોલ નં. VHI 54294 થી VHI 54296 નંબરના પોલની વચ્ચે આવેલ VHI 54295 નું રોડ ડીવાઇડર પર ઉપર્યુક્ત રીતે ચાલનાર બાંધકામ અને વાહન વ્યવહાર અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા. ૨૨/૧૨/૨૦૧૭.

Vijay 22/12/17

( નિરજા ગોટરુ )
સંયુક્ત પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ શહેર